ટોચ અગ્રતા/મુદતી

પત્ર.ન.સ્ટેમ્પ/મલત/૬/૦૭/ ૨૫૭

સુપ્રી.ઓફ સ્ટેમ્પસની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન
સેકટર-૧૩/સી, 'ખ' રોડ,
ગાંધીનગર
તા. ૧૦/૧/૨૦૦૭

વંચાણમાં લીધું:- (૧) અત્રેની કચેરીના પ્ર નં.સ્ટેમ્પ/મલત/૮૮/૦૬/૪૧૭૦ તા.૧૬/૬/૦૬
(૨) કચેરીના પરીપત્ર નં.સ્ટેમ્પ/મલત/૮૮/૦૬/૫૧૫૨ તા.૧/૮/૦૬
(૩) કચેરીના પરીપત્ર નં.સ્ટેમ્પ/મલત/૮૮/૦૬/૯૦૫૬ તા.૨૭/૧૦/૦૬
(૪) કચેરી નોંધ તા.૧૦/૧/૨૦૦૭

પરીપત્ર:-

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ ની કલમ ૩૨-ક હેઠળના આપની કચેરી હસ્તકના તા.૧/૪/૨૦૦૦ પહેલાના બાકી પડતર દસ્તાવેજોના નિકાલ બાબત તથા તા.૧/૪/૨૦૦૦ પછીના બાકી નિકાલ કેસોના માહે નવેમ્બર-૦૬ ની સ્થિતિએ સમીક્ષા ગત તા.૨૧/૧૨/૨૦૦૬ ની મીટીંગમાં કરવામાં આવેલ જે મીટીંગ દરમ્યાન માન.અગ્રસચિવશ્રી, મહેસુલ ધ્વારા તમામ જિલ્લાના બાકી કેસોની નિકાલની કામગીરી બાબતે નબળી કામગીરી ગણી ગંભીર નોંધ લીધી હતી અને કડક સુચના આપી આગામી માસનાં યોગ્ય અને અત્રેની કચેરી ધ્વારા આપવામાં આવેલ પ્રાસ્તાવિક ૧,૨ અને ૩ ના પરીપત્ર મુજબ તમામ જિલ્લાના નાયબ કલેકટરશ્રી ધ્વારા કામગીરી કરવા સુચના આપવામાં આવેલી છે. તેનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

ઉપરોકત હકીકતને ધ્યાને રાખી આપની કચેરીના નિકાલ બાકી કેસો સંબધે તા.૧/૪/૨૦૦૦ પહેલાના તમામ કેસોમાં નિયમ-૪(૨) ની નોટીસ જે તે પક્ષકારને મોકલી આપી આપના ધ્વારા કચેરીમાં રાખેલ રજીસ્ટરમાં તેની સંપુર્ણ નોંધ કરવાની રહેશે. તથા તા.૩૧/૩/૨૦૦૭ સુધીમાં તમામ કેસોમાં આખરી હુકમો અત્રેની સુચના મુજબ પુર્ણ કરી આવી નોંધ રજીસ્ટરે પુર્ણ કરેલ છે, તે મતલબનું પ્રમાણપત્ર અત્રે મોકલી આપવા પણ સુચના આપવામાં આવે છે.

તે જ પ્રમાણે તા.૧/૪/૨૦૦૦ પછી ના આવા બાકી /પડતર કેસોમાં નિયમ-૪(૨) ની નોટીસ તા.૩૧/૧૦/૦૬ સુધીમાં તમામ લેખોમાં ઈસ્યુ કરી / કરાવી તેની પણ રજીસ્ટરે નોંધ પુર્ણ કરી તે મતલબનું પ્રમાણપત્ર મોકલી આપવા જણાવવામાં આવે છે.

ઉપરોકત તમામ વિગતે હકીકતે આપના ધ્વારા જે પ્રમાણપત્ર મોકલી આપવામાં આવશે તેની ચકાસણી ઈલાયદી અત્રેથી કરવામાં આવશે જેની નોંધ લેશો વધુમાં અત્રેની સુચના

મુજબની નિયત સમય મર્યાદામાં જો આપના ધ્વારા કામગીરી પુર્ણ કરવામાં નહી આવે કે અધુરી જણાશે તેવા સમયે આપની અંગત જવાબદારી ગણી આગળની કાર્યવાહી કરવાની ફરજ પડશે જેની પણ નોધ લેશો.

સ્થળપ્રત ઉપર સુપ્રિ. ઓફ સ્ટેમ્પસશ્રીએ સહી કરેલ છે.

સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ,
ગુજરાત રાજય, ગાંધીનગરવતી

પ્રતિ,
શ્રી......................
નાયબ કલેકટર
સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર (તમામ)
જિ......................

નકલ સવિનય રવાના:– નાયબ સચિવશ્રી, મહેસુલ વિભાગ, હ–૧ શાખા, સચિવાલય, ગાંધીનગર

નકલ રવાના:– (૧) નાયબ સુપ્રિ.ઓફ સ્ટેમ્પસ, ગુજરાત રાજય, ગાંધીનગર
(૨) નાયબ મદદ.સુપ્રિ.ઓફ સ્ટેમ્પસ, ગુજરાત રાજય, ગાંધીનગર
(૩) હિસાબી અધિકારીશ્રી, સ્ટેમ્પ અને મુલ્યાંકન, ગાંધીનગર
(૪) ચીફ ઈન્સ્પેકટર ઓફ સ્ટેમ્પસ, તપાસણી /નિરીક્ષણ ગાંધીનગર
(૫) સિલેકટ ફાઈલ